સ્નેહ સમાધિ.



રતિલાલ મનજી ઠક્કર.

શૃંગાર તથા હાસ્યરસથી
ભરપુર વારતાનું

અંક ૭ પ્રગટ

અજાયબીમાં ગરકાવ થઇ જશો.

કીંમત માત્ર રૂપીઓ એક.

પોસ્ટેજ ચાર આના વધુ.

વિલાસ ઓફીસ,
૧૮૧, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ.

સ્નેહ સમાધિ.

અનુવાદકઃ—

રતિલાલ ભનજી ઠક્કર,

જામનગરવાળા.

મુદ્રક અને પ્રકાશકઃ—

હરિલાલ વલ્લભદાસ બ્રહ્મક્ષત્રી

મુદ્રણ સ્થાનઃ—

શ્રી હરિ-હર પ્રેસ, બજારગેટ, કોટ, મુંબાઈ.

પ્રાપ્તિસ્થાનઃ—

"વિલાસ" ઓફીસ,

૧૮૧, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબાઈ નં. ૧.

વિક્રમાર્ક ૧૯૮૫] પ્રથમાવૃત્તિ [ઈ. સ. ૧૯૨૯.

મુલ્ય આઠ આના.

આંધળાની ઓળખાણ !

વૃદ્ધિ વ્યયથી વિશેષ થાતી,
સંચયથી ક્ષય નિશ્ચય;
ભારતિ ! એ તવ ભવ્ય કોષનો,
અતિશય અદ્ભુત પરિચય.
સંશય સંહારિણી શારદા,
દ્રવ્ય દાયિની દેવી;
એ સન્નેત્ર વિના નરને,
ઉપમા અંધાની દેવી.

ઠક્કુર નારાયણ.

અનુક્રમણિકા.



મયુર વાહિની,
વિણા ધારિણી,
વિશ્વ વ્યાપિની,
કૃપા કારિણી,
વિદ્યા દાયિની,

ભગવતી દેવી

શ્રી શારદાની પવિત્ર સેવામાં,

આપની કૃપા વડેજ થોડું ઘણું લખવાને શક્તિશાળી થયો હોવાથી દુનિયાની દૃષ્ટિએ સાહિત્યની દુનિયામાં પ્રવેશતું આ મારૂં પ્રથમ લઘુ પુસ્તક

સ્નેહ સમાધિ

અહર્નિશ મારાપર અમિદૃષ્ટિ રાખવાની અભ્યર્થના સાથે પૂજ્યભાવ અને ભક્તિભાવપૂર્વક આપના પવિત્ર પાદાવિંદમાં અર્પણ કરૂં છું.

આપનો, નિરાડંબરી નમ્ર સેવક,

રતિલાલ ઠક્કર.

સ્નેહ સમાધિ.

પ્રકરણ ૧ લું.

કલ્પના સિદ્ધિ.

સંધ્યાનો સમય હતો. પશ્ચિમ દિશામાં આકાશ સુવર્ણમય દેખાતું હતું. ભગવાન અંશુમાલી પૂર્ણ પ્રતાપોજ્જ્વલ તેજથી દીપી રહ્યા હતા. તેઓના રત્નમય કાંચન કિરીટનો રશ્મિરાશી નર્મદા નદિની નિર્મળ લહેરીઓ

પર નૃત્ય કરી રહ્યો હતો. સુગંધમય શીતળ અને મંદ વાયુ વાઇ રહ્યો હતો. નર્મદાના કિનારા પરનો માલતી મંડપ અપૂર્વ શોભામયી રંગભૂમિ સમાન શોભી રહ્યો હતો. લત્તાઓ આનંદે ઝૂલી રહી હતી. પક્ષીઓ મધુર સ્વરે આલાપી રહ્યા હતા–મધુરી મોરલી બજાવી રહ્યા હતા. નર્મદાનો કલકલ અવાજ કરતો પ્રવાહ રસની સરિતા સમો વહી રહ્યો હતો.

આ સુંદર રંગભૂમિ કોઇનું સ્વાગત કરવાને હર્ષમયી–સંગીતમયી તેમજ ઉલ્લાસમયી બની રહી હોય એમ પ્રતીત થતું હતું. પ્રત્યેક વૃક્ષ પલ્લવમાંથી પ્રેમની વિમળધારા વહી રહી હતી; પ્રત્યેક પુષ્પ અભિમાનને પૂર્ણપાત્ર થઇ રહ્યું હતું; પ્રત્યેક લત્તા આંતરિક અનુરાગથી પ્રફુલ્લિત બની હતી. કોઇ મોંઘા મ્હેમાન, કોઇ વાંછિત સૌન્દર્ય, કોઈ પ્રેમના પુનીત પગલાં થવાનાં હતાં. ખાસ પ્રકૃતિદેવી સુંદર સંગાર સજીને તેની પ્રતિક્ષા કરી રહ્યા હતા.

આ સમયે, સંધ્યાના અરુણ-સ્નિગ્ધ પ્રકાશમાં પ્રકૃતિદેવીના તે પરમ રમ્ય વિલાસમાં, નર્મદાના તે વિમળ સંગીત સ્થાનમાં, પશ્ચિમ દિશા તરફથી ચાર લાવણ્યમયી લલનાઓએ

પ્રવેશ કર્યો. રંગભૂમિ આનંદથી ઉન્મત્ત, હર્ષથી રોમાંચિત અને અભિમાનથી ઉલ્લાસિત થઇ ગઇ. તે લલનાઓ માતંગની મંદ ગતિએ તે કોમળ કુંજલતામાં અગ્રેસર થઇ. પક્ષીઓ ઉચ્ચ સ્વરે બોલવા લાગ્યા; નર્મદાનો પ્રવાહ વિશેષ આનંદથી વહેવા લાગ્યો અને પ્રકૃતિદેવી પૂર્ણ પ્રસન્નતામાં આવી ગયા. તે ચારમાંની મધ્યમામોહિની નિર્જન નિકુંજના પ્રવેશદ્વાર પાસે પડેલી વિમળ સ્ફટિકની સ્વચ્છ શિલા પર બેસી ગઇ અને બાકીની ત્રણમાંથી એક તેની જમણી બાજુએ, બીજી ડાબી બાજુએ અને ત્રીજી સામી બાજુએ ઉભી રહી ગઇ. નિકુંજ આનંદથી પ્રદીપ્ત જણાવા લાગ્યો.

આ એક અપૂર્વ દૃશ્ય હતું. જાણે આરાધના, સાધના અને સિદ્ધિની મધ્યમાં શ્રી જુગદંબાની વિમળ આનંદદાયી અક્ષય જ્યોતિ પ્રકાશી રહી હતી—જાણે વૈભવ, વિલાસ અને આનંદની મધ્યમાં સૌન્દર્યની સજીવ શોભા વિલસિત થઇ રહી હતી—જાણે કલ્પના, ચિન્તા અને અનુભૂતિની મધ્યમાં કવિતાની કલિત કાન્તિ સ્ફુરી રહી હતી—જાણે તાલ, લય અને મૂર્ચ્છનાની મધ્યમાં વસંતરાગિની રસયુકત થઇ

રહી હતી–જાણે સ્વર્ગની શોભા, પૃથ્વીની પ્રભા અને રસાતાળની રમણીયતાની મધ્યમાં સાક્ષાત્ રાજરાજેશ્વરી મહામાન્યા ત્રિપુર સુંદરી દેદીપ્યમાન થઇ રહી હતી! કેવું પવિત્ર–કેવું ઓજ્જવલ-કેવું મનોહર અને કેવું શાન્તિમય દૃશ્ય!

સામે વિંધ્યાચળ નંદિની નિર્મળ નર્બદા વહી રહી હતી, આકાશમાં સંધ્યા–સરિતા વહી રહી હતી અને ચોતરફની સંમિશ્રિત સૌન્દર્યતામાંથી શૃંગારની રસ–સરિતા કલ્લોલિત થઇ રહી હતી.

એક સુંદર શિલાપર અનુપ–કુમારી જયન્તી બેઠી હતી અને તેની આસપાસ શ્યામા, શારદા અને રત્નમાલા નામક ત્રણ સખીઓ ઉભી હતી.

"શ્યામા, આજે સંધ્યાદેવીની આ સ્નિગ્ધ છાયામાં પ્રકૃતિદેવીનું આ પરમ પવિત્ર સૌન્દર્ય કંઇક વિશેષ દીપી રહ્યું છે!" રાજકુમારી જયન્તી કોકિલ કંઠે બોલી.

શ્યામા—"હા, બા સાહેબ! સહજ સ્નેહની સ્નિગ્ધ છાયામાં જેવું તમારૂં ચંદ્રનિન્દક

મુખ મંડળ સદા પ્રદીપ્ત રહે છે તેવુંજ દેદીપ્યમાન દેખાય છે!"

રાજકુમારી—"શારદા, માધવી લત્તાની આ વિકાસલીલા પણ કેવી સુંદર, શાન્ત અને આનંદદાયી છે! જાણે આંતરિક આનંદનું સજીવ ઉદાહરણ!"

શારદા—"તમારા કમળનયનોની શોભા જેવી પ્રેમથી સુશોભિત, કરૂણાથી કોમળ અને સરળતાથી સદા પવિત્ર રહે છે તેવી છે!"

રાજકુમારી—"રત્નમાલા, આ બન્ને તો જાણે કવિની દિકરી થઇ ગઇ છે, પરંતુ, તું જો, નર્બદાની આ કલકલમયી તરંગમાલા કેવી અનંત—આનંદ સંગીત ગાતી પોતાના નિર્ધારિત પથ પર સદૈવ પ્રવાહિત થઇ રહી છે!"

રત્નમાલા—"હા, બાઇ સાહેબ! તે આપને પ્રેમનો રસમય રાગ સંભળાવી રહી છે અને આપને સમજાવી—બતાવી રહી છે કે "જેવી રીતે હું આનંદ સંગીત ગાતી મારા પ્રેમ પાત્ર સમુદ્ર તરફ અવિશ્રાંત ગતિએ વહી રહી છું તેવીજ રીતે એક દિવસ આપના હૃદયની પણ પ્રવૃતિ એથી પણ ત્વરિત ગતિએ કોઇ ભાગ્યવંત

પ્રેમી તરફ વહેતી થશે !" તે તમારા યૌવન વનમાં શિઘ્રતાથી ગુંજવાવાળી બંસીધ્વનિની મંગળમય સૂચના આપી રહી છે–તે આપના કાન્તિકુંજમાં ગવાનારી કવિતાની આદિ કલ્પનાનો આભાસ કરાવી રહી છે–તે આપની હૃદયાભિલાષાને અસ્પષ્ટ રૂપમાં ઉદ્‌ઘોષિત કરી રહી છે !"

રાજકુમારી—"બનવાજોગ છે રત્નમાલા ! પરંતુ મેં મારા પરમારાધ્ય હૃદયેશ્વરના સ્વરૂપની શું કલ્પના કરી છે એ તું જાણે છે ?"

રત્નમાલા—"ના ! કૃપા કરીને તે આપજ કહોને ?"

રાજકુમારી—"ત્યારે સાંભળ ! જેના મધુર અધર પર આ પ્રફુલ્લિત પુષ્પ જેવું સરળ-મંદ હાસ્ય નૃત્ય કરતું હશે, જેના નેત્ર કમળમાંથી દયા, પ્રીતિ અને આનંદની સંમિશ્રિત ત્રિવેણી વહી રહી હશે, જેના મુખ-ચંદ્ર પર પ્રકૃતિ અને આત્માનું સમસ્ત સૌન્દર્ય, સંધ્યા અને ઉષાનું લલિત લાવણ્ય અને સ્વર્ગ તથા મૃત્યુ લોકનો સંપૂર્ણ પ્રકાશ પ્રકાશી રહેલ હશે, જેનું હૃદય કવિતા જેવું મધુર, ચિન્તા જેવું પવિત્ર અને

કલ્પના જેવું પ્રોદ્‌ભાસિત હશે તેજ મારો હૃદયેશ્વર થશે ! તેના ચરણ કમળમાં મારૂં આ તુચ્છ શરીર, મારૂં આ સાધારણ યૌવન, મારો સસ્નેહ અને આનંદ સમર્પિત થશે ! જો મૃત્યુલોકમાં તે નહીં મળે તો હું તેને સ્વર્ગના નંદનવનમાં શોધીશ અને જો ત્યાં પણ તેના દર્શન નહીં થાય તો આત્માના તપોવનની પ્રત્યેક ઝુંપડીમાં તપાસ કરીને શોધી કાઢીશ !"

આ સમયે શૂરવીરતાના અવતાર સરીખો ભગવા વસ્ત્રાભુષીત એક પરમ સુંદર યુવક પાછળથી રાજકુમારીની સન્મુખ આવી ઉભો. તેણે મધુર પણ ગંભાર સ્વરે કહ્યું "રાજકુમારી. તમારી કલ્પના ફળિભૂત થશે ! જગદંબાએ તમારી કલ્પના અનુસાર–તમારે યોગ્ય યુવકને સર્જી અવનિ પર મોકલી આપ્યો છે. તમારૂં આ યૌવન વન તેની પ્રીતિ સરિતાથી સીંચાશે. રાજકન્યા, આ હું તમને સત્ય કહું છું–તેમાં રંચમાત્ર પણ સંદેહ કરવા જેવું નથી !"

રાજકુમારીએ તપસ્વી કુમાર તરફ જોયું-અતૃપ્ત નયનોએ જોયું–ઘણો સમય જોયું અને આખરે નયનો નીચા ઢાળી દીધા.

રત્નમાલા—"ભગવન્, આપનો શુભ પરિચય ?"

તપસ્વીકુમાર—"ત્યાં રહું છું-પેલી પર્વતની ખીણમાં છે મારી ઝુંપડી. છઉં બ્રહ્મચારી-અત્યારે તો પર્યાપ્ત થશે મારો આટલોજ પરિચય !" આમ કહી તપસ્વી-કુમાર ચાલ્યો ગયો. રાજકુમારી જયંતી પણ ત્રણે સખીઓની સાથે પોતાને મહેલે ગઇ. તે પ્રેમસાગરમાં ડોલવા લાગી.

રાજકુમારીની પ્રણય સૂચનાનું રહસ્ય રત્નમાળાએ જાણી લીધું; પરંતુ રત્નમાલાની અસ્પષ્ટ-અજ્ઞેય ભાવનાનો પરિચય કોઇને ન થયો.

સત્ય—કલ્પનાનું ઘણું સુંદર સ્વરૂપ છે અને કલ્પના-સત્યની સ્નિગ્ધ-કોમળ નિરાકાર-ધારણા છે.

પ્રકરણ ૨ જું.

ભયંકર પ્રેમ.

રાત્રિદેવીની વિશાળ વેણી પ્રદીપ્ત નક્ષત્ર રાશાથી ગુંથેલી હતી. નર્મદાના શીતળ પ્રવાહના સ્પર્શથી શીતળ, વિકસેલાં પુષ્પોથી સુગંધિત અને ચંદનના સહવાસથી મદમત્ત થયેલો મંદ વાયુ વાઇ રહ્યો હતો. સમસ્ત જગત નિદ્રાદેવીને આધીન હતું. વિશાળ આકાશ નિદ્રાની મધુર કલ્પના સમાન, વિસ્તૃત બ્રહ્માંડ વિશ્રામના સુંદર દશ્ય સમાન અને સમસ્ત પ્રકૃતિ સૌન્દર્ય શાન્તિની ચિન્તા સમાન જણાતું

હતું. આવા સમયે રત્નમાલા રાજમહેલની સર્વોચ્ચ અગાસી પર વિચાર કરી રહી હતી–ચંચળ અને વિકળ ભાવથી ચોતરફ જોઇ રહી હતી. તે એકલી એકલી–સ્વગતભાવથી કહેવા લાગી "રાજકુમારી ! નહીં, એમ કદિ નહીં બને ! જે તપસ્વીકુમારને તું ચાહે છે તેના પર હું પણ સંપૂર્ણ અનુરક્ત થઇ ચુકી છું; પરંતુ તારી પાસે સાધન છે, તું અનિંદ્ય રૂપશાલિની–પરમ વૈભવ શાલિની–અનુપ–કુમારી છો ! અને હું તો માત્ર એક સાધારણ દાસી છું; પરંતુ, તો–પણ હું પ્રયત્ન કરી જોઇશ; કુટીલ નીતિદ્વારા તે તપસ્વીકુમારના કંઠ પ્રદેશમાં કોઇ પણ પ્રકારે મારી બાહુ–માળા વિલંબિત કરી શકું છું કે નહીં ? વાત સાધારણ નથી, ફળ સહજમાં પ્રાપ્ત થાય એમ નથી, સફળ પરિણામ આવવાનો પૂર્ણ ભરૂસો પણ નથી. !

"રાજકુંમારી, આ તારી સાથે હું વિશ્વાસઘાત કરૂં છું એ હું જાણું છું ! તેં મને સદા નાની બ્હેન તરીકે સમજી નિઃસ્વાર્થ સ્નેહમાં સ્નાન કરાવ્યું છે; પરંતુ નહીં, આ પ્રણય વેપારમાં તેની દરકાર હું નહીં કરી શકું !

પાપ–પુણ્ય–ધર્મ–અધર્મ–પ્રતિકાર–પરોપકાર વિગેરેનો વિચાર કરવા યોગ્ય આ સ્થાન નથી અને તે માટે પૂરતો સમય પણ નથી. જો મારા આ મનોભાવને હું તારી પાસે વ્યક્ત કરૂં તો મને ખાત્રી છે કે તું તારા સૌભાગ્ય સિંહાસન પર મને અર્ધાસન દેવાને જરૂર તત્પર થઈશ, પરંતુ એ અતિ લજ્જાસ્પદ કહેવાય ! હું દાસી છું-તું અધિશ્વરી છો ! તે સમયે પણ હું દાસી અને તું ચિદૈશ્વર્યશાલિની રાજ રાજેશ્વરી રહીશ ! ના, ના, હું દાન નહી લઉં ! પ્રણયના પ્રયાગ તીર્થ પર ઉભા થઈ-હાથ લાંબો કરી–તારી પાસે સૌભાગ્ય-ભિક્ષા નહીં માગું !

"ગમે તેમ થાવ ! તપસ્વીકુમારને મેળવવા માટે હું સર્વ કંઇ કરીશ ! આવશ્યકતા જણાશે તો પ્રાણની આહૂતિ પણ આપીશ ! તેમ છતાં પણ હૃદયેશની પ્રાપ્તિ નહીં થાય તો જીવન વ્યર્થ છે. સૌન્દર્ય નિઃસાર છે, યૌવન વૃથા છે એમજ માનીશ !

"રત્નમાલા ધારે તે કરવાને સમર્થ છે ! રાજકુમારી ! તે નિર્વિકાર રહી તારા આ સૌભાગ્ય-સદનનો નાશ કરી શકે તેમ છે !

તપસ્વી કુમારને પોતાના હૃદય પર બેસાડવા માટે તે નરકના મહાપીડન, અગ્નિના કઠોર દહન અને ભયંકર યાતનાના નિષ્ઠુર આમંત્રણને સહન કરી શકે તેમ છે ! આ આશાને હું છોડી દઉં પણ તેમ કરવાને અસમર્થ છું ! આહાહા ! તે કેવી રમણીય મૂર્તિ છે ! કેવી પવિત્ર પ્રતિમા છે ! કેવું સ્વર્ગીય સૌન્દર્ય છે !

"તેની વાણી કેવી પ્રસન્ન અને ગંભીર હતી—જાણે રસમયી કવિતાનો અવિરલ પ્રવાહ ! તેની આંખો કેવી અનુરાગમયી હતી—જાણે પ્રણય કરૂણા અને ત્યાગની સંમિશ્રિત ત્રિવેણીથી પવિત્ર બનેલી પ્રયાગ સ્થળી ! તેનું મુખ મંડળ કેવું સ્નિગ્ધ અને સુંદર હતુ-જાણે મૃત્યુ લોકની શ્રી અને સ્વર્ગ લોકની સુંદરતાનું પવિત્ર સંગમક્ષેત્ર ! તેના ભગવા વસ્ત્રોની શોભા કેવી મનોહર હતી—જાણે ભગવતિ વિભૂતિ વૈરાગ્યાંબર ધારણ કરીને તપોવનમાં કઠોર સાધના કરવાને માટે કેમ પ્રવિષ્ય થઇ ન હોય ! તે કેવું પૂજનીય, માન-નીય અને વંદનીય સુંદર સ્વરૂપ હતું !

"તપસ્વી કુમાર ! તમે રત્નમાલાના પ્રભુ છો—ઇષ્ટદેવ છો—પરમારાધ્ય પતિદેવ છો ! સંસા-

રની સમસ્ત શકિત, સ્વર્ગનું સમસ્ત બળ. તમને મારાથી અલગ નહીં કરી શકે! તમે મારા છો—હું તમારી છું! તમને સંબંધ સ્વીકાર્ય હોય કે ન હોય, પરંતુ મેં—તમારી આ દાસીએ—પેલા નર્બદાના કિનારા પર, પેલી સ્નિગ્ધ સંધ્યા કાળે—આપને પતિ કહી વરી લીધા છે અને આજે પણ આ નક્ષત્રાવલી સન્મુખ—સર્વવ્યાપિની મહાશક્તિ દેવી ભગવતીને સાક્ષિભૂત બનાવી—હું ઉદ્‌ઘોષણા કરૂં છું કે-તમે મારા પતિ છો-દેવ છો—પ્રકાશ છો-ભવસાગરના એક માત્ર નાવિક-તારક છો!”

પ્રણયના પ્રશાન્ત પયોધિમાં વડવાનલ કયારે પ્રદીપ્ત થશે તેનો પત્તો લાગવો તદ્દન સંભવિત છે! ઇર્ષ્યા અને દ્વેષ એ બન્ને પ્રણયાલયમાં જેટલી સરળતાથી પ્રવેશી શકે છે તેટલી તાકીદથી તે બીજી કોઇ પ્રવૃતિ કે જગ્યામાં પ્રવેશ નથી કરી શકતા!

પ્રેમની ચડતી અને પડતીનું રહસ્ય અંતરની આ પ્રવૃતિ-લિલાના વનમાં અદિ કાળથી સન્નિહિત છે—સન્નિવિષ્ટ છે!

પ્રકરણ ૩ જું.

નિઃસ્વાર્થ પ્રેમ.

નર્મદાના કિનારા પર એક વિલાસ ભવનમાં રાજકુમારી જયંતી કોમળ આસન પર બેઠી હતી. સામે તેની પ્યારી સખી રત્નમાલા બેઠી હતી. હૃદયાધિપતિ દુષ્યંતને પત્ર લેખન સમયે ત્રિભુવન સુંદરી શકુન્તલાના મુખમંડળ પર જે મંજુલ ભાવ પ્રાદુર્ભૂત થયો હતો, ભગવતી ગિરીરાજ–કિશોરીના મંદિરમાં ભગવાન રામચંદ્રજીની પ્રાપ્તિ–કામનાથી–પુષ્પમાળા અર્પણ કરતી જગતજનની જનક–નન્દિનીનાં વદનાવિંદ પર

જે પ્રભા સમુદ્દભૂત થઈ હતી અને દેવાધિદેવ મહાદેવના પ્રેમની ઉપલબ્ધિ માટે કઠોર તપશ્ચર્યા આદરતી વખતે હિમાચળ સુતા મહાસતી પાર્વતી દેવીના મુખચંદ્ર પર જે પ્રફુલ્લ શોભા આવિર્ભૂત થઇ હતી તેજ સુંદર ભાવ–પ્રભા-શોભાથી રાજકુમારી જયંતીનું મુખસરોજ પરિપ્લાવિત થઇ રહ્યું હતું. રત્નમાલા આ સૌન્દર્યને નિર્નિમેષ દૃષ્ટિથી જોઈ રહી હતી.

રાજકુમારી—"બ્હેન રત્નમાલા, તારી સાથે હું કેટલો સ્નેહ રાખું છું તે તું જાણે છે?"

રત્નમાલા—"બાઈ સાહેબ, તમે મારા પર સગી બ્હેનથી પણ વિશેષ સ્નેહ રાખો છો એ હું બરાબર જાણું છું! તેમજ આ દાસીએ પણ આપની કોઇ પણ આજ્ઞાની કદિ પણ અવહેલના કે અવજ્ઞા કરી નથી!"

રાજકુમારી—"બ્હેન, સત્ય છે! તું એ પણ જાણતી હોઇશ કે મારા સઘળા રહસ્યોને જાણવાવાળી પણ માત્ર તું એકજ છે! તારા નિર્મળ–સ્વચ્છ હૃદય દર્પણમાં હું મારા ભાવોની છાયા પ્રતિબિમ્બિત કરું છું. મારી વિશ્વાસ ભૂમિ તુંજ છો!"

રત્નમાલા—"આ સહજ-સુંદર સૌજન્ય માટે હું આપની ચિરકૃતજ્ઞ રહીશ ! આપને આ વિશ્વાસ-સ્થાપનને માટે કદિ પશ્ચાતાપ કરવો ન પડે એટલા માટે હું પણ સદા સાવચેત રહું છું ! આપના રહસ્ય-ભેદ મારા હૃદયમાં પ્રાણની માફક સદૈવ જીવન્ત રહેશે !"

રાજકુમારી—"એની મને ખાત્રી છે. બ્હેન, આજ એક અત્યંત ગુપ્ત બાબતમાં હું તારી સહાયતા ઇચ્છું છું. મને વિશ્વાસ છે કે તું સગી બ્હેનની માફક મારા અનુરોધની રક્ષા કરીશ ! બ્હેન ! આ મારા જીવન-મરણનો પ્રશ્ન છે !"

રત્નમાલા—"હૃદયનું બલિદાન આપીને પણ હું તમારી આજ્ઞાનું પાલન કરીશ. બાઇ સાહેબ, આપ કઇ રહસ્યમય. બાબતમાં મારી સેવા ઇચ્છો છો તે હું જાણું છું ! એને માટે હું પ્રસન્નતા પૂર્વક તૈયાર છું. મારી તુચ્છ સેવાનો એનાથી વિશેષ સુંદર અવસર બીજો કયો હોઇ શકે ?"

રાજકુમારી—"તું જાણે છે ? અસંભવિત ! ઠીક, કહે બ્હેન ! કઇ બાબતની સિદ્ધિમાં હું તને નિયુક્ત કરવા ઇચ્છું છું ?"

રત્નમાળા—"પેલા સ્નિગ્ધ સંધ્યાકાળ સમયે નર્મદાના કિનારા પર જે પરમ સુંદર તપસ્વી કુમારના દર્શન આપને થયા હતા તેમની પાસે તમે તમારા પ્રેમ-સ્વીકારના શુભ સમાચાર મોકલવા ઇચ્છો છો! બાઇ સાહેબ, મારી કલ્પના અસત્ય તો નથી?"

રાજકુમારી—"નહીં! રત્નમાલા, તેં આ અનુમાન કેવી રીતે કર્યું?"

રત્નમાલા—"તમારા આ અનુરાગ યુક્ત નયનોથી, તમારા આ સ્નેહ-સ્વર ભંગથી અને તમારા પ્રીતિ પ્લાવિત ભાવ વિકાસથી! બાઇ સાહેબ, આ રહસ્યનું હું પ્રાણની માફક રક્ષણ કરીશ. માફ કરજો બાઇ સાહેબ, તમારા આ પ્રેમ રહસ્યને તમારા રાગરંજિત કપોલો પર સલજ્જ ભાષામાં આલેખાયેલું મેં જોયું હતું! તમારા પ્રત્યક્ષ સ્વીકાર પહેલાં આ રસના પરિપાકની સમુચ્ચિત યોજના પણ મેં કરી લીધી છે!"

રાજકુમારી—"તે કેવી રીતે? રત્નમાલા! સ્પષ્ટ રીતે કહે!"

રત્નમાલા—"રાજમાતાની પૂજા માટે નિત્ય નિયમ અનુસાર આજ હું જલ લેવાને નર્મદાના કિનારા પર ગઇ હતી. તે સમયે કિનારા પર કોઇ ન્હોતું. માત્ર પતિત પ્રાય તારાઓ આકાશમાં ઝાંખા ઝાંખા ઝગમગી રહ્યા હતા. તે સમયે હૃદયની કોઇ ગુહ્ય પ્રેરણાથી મેં પેલા બડભાગી તપસ્વી કુમારની ઝુંપડીમાં પ્રવેશ કર્યો !"

રાજકુમારી—"ઝુંપડીમાં પ્રવેશ કર્યો ? કેમ ?"

રત્નમાલા—"આપ જે મારી સગી બ્હેન સમાન અને મારા જીવન આધાર છો તેની આંતરિક અભિલાષાની પરિપૂર્તિ માટે ! બાઇ સાહેબ, આ શું મેં અક્ષમ્ય અપરાધ કર્યો ?"

રાજકુમારી—"નહીં ! પછી શું થયું ?"

રત્નમાલા—"મને જોતાંજ તપસ્વી કુમારનું મુખ કમળ પ્રફુલ્લિત બન્યું. તેમણે ઘણાજ પ્રેમથી અને આગ્રહથી તમારા કુશળ સમાચાર પૂછ્યા અને અસ્પષ્ટ ભાષામાં, વ્યંગમયી વાણીમાં પોતાના હૃદયાનુરાગની કથની પણ કહી. વિદાય લેતી વેળાએ તેમણે મને એક વન-પુષ્પ-

માળા પણ આપી છે. આપની સૃંગાર-લીલાને માટે હું તે લઈ આવી છું. તપસ્વી કુમારે તેને મંત્રાશિર્વાદથી અભિષિક્ત કરી છે અને કહ્યું છે કે "આ માળા અક્ષય છે! તે કદિ પણ કરમાશે નહીં! જ્યારે અમારા બન્નેમાંથી એકનું પણ પ્રેમ-બંધન શિથીલ થશે ત્યારેજ એની સુગંધ અને સુંદરતાનો નાશ થશે!"

રત્નમાલાએ કમળ પત્રમાંથી તે પુષ્પમાળા બહાર કાઢી. આખો મહેલ સ્વર્ગીય સુગંધથી મહેકવા લાગ્યો.

રાજકુમારી જયંતીએ ઘણાજ પ્રેમ અને ઉલ્લાસથી તે પ્રિય વન-માળા પોતાના મુકતા માળા વિભૂષિત કંઠમાં પહેરી લીધી. તે તેના પ્રેમના પુણ્ય ચિન્હ અને અનુરાગની ભવિષ્ય વાણી હતી.

રાજકુમારી ઘણાજ સ્નેહથી રત્નમાલાને ભેટી પડી અને પ્રેમ પૂર્વક કહેવા લાગી "પ્યારી બ્હેન, તારા આ ઋણમાંથી હું આ જીવન પર્યંત મૂકત નહીં થઇ શકું! આને તને હું શું બદલો આપું? માગી લે!"

રત્નમાલા—" બાઇ સાહેબ, જ્યારે મને કોઇપણ વિશેષ વસ્તુની આવશ્યકતા હોય ત્યારે તે મળશેજ એવું વચન આપો."

રાજકુમારી—" જરૂર ! હું પ્રતિજ્ઞા પૂર્વક કહું છું કે તારા કહેવા મુજબ તારી ઇચ્છા પૂર્ણ કરીશ !"

રત્નમાલા—" બાઇ સાહેબ, બીજી કંઇ આજ્ઞા-સેવા છે ?"

રાજકુમારી—" હા, પૂર્ણિમાની રાત્રિએ દ્વિતીય પ્રહરનાં પ્રારંભ સમયે પેલા નિકુંજમાં મને દર્શનનો લાભ આપે એવું નિવેદન તે તપસ્વી કુમારને આજે કરી આવજે."

રત્નમાલા—" આપના એ સંદેશો આજે તેમને અવશ્ય પહોંચી જશે !"

રત્નમાલાના વિશાળ નયનોમાંથી એક કુટીલ કટાક્ષ આવિર્ભૂત થયો !

અક્ષય કલ્પમંજરી નિઃસ્વાર્થ પ્રેમના પ્રફુલ્લ ઉદ્યાનમાંજ પ્રસ્ફુટિત થાય છે અને તેનુંજ નામ નંદન-નિકુંજ છે !"

પ્રકરણ ૪ થું.

પ્રેમ સંદેશ.

વિશાળ-કાય પવિત્ર વિંધ્યાચળની ખીણમાં પ્રકૃતિના શ્યામલ સૌન્દર્યથી વિભૂષિત નર્બદાના કિનારા પર, શીતળ વાયુથી વિકસિત માલતી મંડપના કુસુમ પ્રવેશ દ્વાર પાસે સ્ફટિક સમાન નિર્મળ શિલા પર બેસી રત્નમાલા નિમ્ન સંગીત ગાઇ રહી હતીઃ-

સૂનો સર્વ સંસાર,
આજ મારો સૂનો સર્વ સંસાર—સૂનો
વૃન્દાવનના વન ઉપવનમાં,
પુષ્પ વેલના નવ યૌવનમાં,
ભ્રમર–કમલના નિત ચુંબનમાં
નહિ કંઇ રસમાં સાર—આજ.

મંજુલ મંજુ કુંજ પુંજનમાં,
મધુ ગંજન મધુકર ગંજનમાં,
મૃગ ખંજન અરૂ દગ કંજનમાં,
રતિ રંજનનો માર—આજ.

સંગીતના સુમધુર સ્વરે તે પવિત્ર શાન્ત સ્થળમાં માધુર્ય લહરી પ્રસરાવી દીધી. આકાશમાં મધુર ચંદ્ર પણ હસવા લાગ્યો, મંદ વાયુ પણ માદક થઇ રૂમઝુમ નાચવા લાગ્યો, કળીઓ ખીલવા લાગી અને નર્બદાના કલકલમય પ્રવાહ પર વિમળ ચંદ્રિકા વિભિન્ન ભાવો સહ વિશેષ ઉન્મત્ત નૃત્ય કરવા લાગી. બરાબર આ સમયે તેજ તપસ્વી કુમાર પાછળ પ્રગટ થઇ રત્નમાલાની સન્મુખ આવી ઉભો. રત્નમાલા પણ સંભ્રમિત્ થઈ ઉભી થઇ ગઇ અને કૃતાંજલી થઇ તેણે તેમને પ્રણામ કર્યા.

તપસ્વી કુમાર—"રત્નમાલા ! રાત્રિના આ દ્વિતીય પ્રહર સમયે તું અહીં ક્યાંથી ?'

રત્નમાલા—"દેવ ! પ્રકૃતિના સૌન્દર્યની હું ઉપાસિકા છું ! મહેલમાં આજ ચિત્ત ન ચોટયું-ચલાયમાન થઇ ગયું ! રાજકુમારી શયનાગારમાં ગયા એટલે હું મારી વીણા લઇ નર્મદા નિકુંજમાં આવી અને અહીં આ વિમળ લાવણ્ય પર પરિમુગ્ધ થઇ એક પદ ગાવા લાગી. મારા પરમ સૌભાગ્યથી આપના શુભ દર્શન પણ થયા !"

તપસ્વી કુમાર—"રત્નમાલા ! ખરેખર તું એક અદ્ધિતીય ગાયિકા છો–જાણે સ્વયં ઉર્વશી પારિજાત વનમાંથી અવતીર્ણ થઇ રેવા તટ પર આવી હોય એમજ અત્યારે પ્રતીત થાય છે !"

રત્નમાલા—"પરંતુ ઉર્વશી તો વારાંગના છે દેવ !"

તપસ્વી કુમાર—"બરાબર છે ! મારી ભુલ થઇ ! તું ઉર્વશી નહીં પણ સાક્ષાત્ મહેન્દ્ર પ્રિયા શચી છો !"

રત્નમાલા—" પરંતુ દેવ ! હું તો કુમારિકા છું !"

તપસ્વી કુમાર—" પરાજય સ્વીકારું છું ! તું અનુપમેય છો ! તારા યોગ્ય ઉપમા મળવી મુશ્કેલ છે ! તું સાહિત્યની સુંદર કલ્પના, સંગીતની વિમળ રાગિની અને સ્નેહની નિર્મળ-વિશુદ્ધ નર્મદા છો ! તું સદાનંદમયી છો રત્નમાલા !"

રત્નમાલા—" તેમજ અત્યારે એક વિશેષ સમાચારની સંદેશિકા પણ છું દેવ !"

તપસ્વી કુમાર—" રાજકુમારી જયંતીની શી આજ્ઞા છે ?"

રત્નમાલા—" પરંતુ સમાચાર કહેતાં પહેલાં તેના ઇનામનો નિર્ણય કરાવી લેવા ઇચ્છું છું દેવ ! આ શુભ પ્રેમના આનંદમાં મારો પણ કંઈક ભાગ છે ભગવન્ !"

તપસ્વી કુમાર—" રત્નમાલા, મારું એવું કંઇ પણ નથી કે જે તને આપતાં હું જરા-પણ અચકાઉં ! તું કહીશ તે આપીશ !"

રત્નમાલા—" કંઈ પણ નહીં ? દેવ ! બરાબર વિચાર કરજો ! આપે આપના આ સરળ અને ઉદાર આવેશમાં કુમારી જયંતીના વિસ્તૃત સામ્રાજ્યને વિસ્મૃત કર્યું છે ?"

તપસ્વી કુમાર—" અરે ! એ તો ભુલી ગયો ! રત્નમાલા, હૃદયની સંપત્તિ પર મારો અધિકાર નથી રહ્યો ! પરંતુ બીજું બધું તારા કર કમળમાં સમર્પિત છે !"

રત્નમાલા—" બીજું શું દેવ ?"

તપસ્વી કુમાર—" મારી સિદ્ધિનું મધુર ફળ, યોગ-પ્રામનિધિનો નિખિલ વિલાસ અને આંતરિક કૃતજ્ઞતાની સૌરભમયી પુષ્પાંજલી !"

રત્નમાલા—" પરંતુ જો આપની પાસે પ્રતિજ્ઞા કરાવી લઈ જેના પર રાજકન્યા જયંતીનું એકછત્ર આધિપત્ય છે તેજ મેં માગ્યું હોત તો આપ શું કરત દેવ ?"

તપસ્વી કુમાર—" જે પ્રતિજ્ઞા પ્રણને કરવું જોઇએ તેજ કરત ! હૃદયના વિનિમયમાં પ્રાણનો ઉત્સર્ગ કરી દેત ! આ કલકલનાદિની નિર્મળ નર્મદા મારી ચિર વિશ્રામ-શય્યા બની જાત !"

રત્નમાલા—" પ્રભુ ! એ હું જાણુતી હતી અને તેથીજ મેં આપને પ્રતિજ્ઞા બધ્ધ ન કર્યા "

તપસ્વી કુમાર—" એ ઉદારતાની પરાકાષ્ઠા છે ! આ પરિહાસ-લીલા પૂર્ણ થઇ. હવે કહે રત્નમાલા, રાજકુમારી જયંતીની શી આજ્ઞા છે ?"

રત્નમાલા—" પૂર્ણિમાંના પૂર્ણ ચંદ્રની પ્રભાથી પ્રકાશિત્ નર્બદા નિકુંજમાં રાજકુમારી આપના પુણ્ય શ્રી ચરણોના દર્શનની પ્રાર્થના કરે છે !"

તપસ્વી કુમાર—" મારા અહોભાગ્ય ! રાજકન્યાને નિવેદન કરજે કે તેનો ઉપાસક બરાબર તે સમયે નિકુંજ ભવનમાં તેના શુભાવાગમનની પ્રતીક્ષા કરશે !"

રત્નમાલા—" દેવ, પ્રણામ !"

તપસ્વી કુમાર—" જા રત્નમાલા, તારી આ સહાયતાનો યોગ્ય બદલો જો આ લોકમાં

નહીં આપી શકું તો અક્ષય સ્વર્ગમાં તો અવસ્ય આપીશ !"

રત્નમાલા—"પ્રતિજ્ઞાબદ્ધ થાવ છો દેવ ?"

તપસ્વી કુમાર—"હા, જગતજનુનિ સાક્ષિ છે !"

રત્નમાલા—"દેવનો જય થાવ !"

પ્રણયની અંતલીલાનું રહસ્ય અંધકારથી નહીં પણ અભેદ્ય આલોકથી આવૃત રહે છે ! દિવ્ય નયનોજ તે અક્ષય સુધાસ્રાવી સૌન્દર્યને જોઇ શકે છે !

પ્રકરણ ૫ મું.

પ્રેમમાં વિક્ષેપ.

પ્રફુલ્લ પુંડરીકની માફક આકાશમાં પૂર્ણ ચંદ્ર વિલસિત થઇ રહ્યો હતો અને તેની વચ્ચે ચંચરીક રાજીની માફક કલંક-કાલિમા વિકસિત થઈ રહી હતી. એકજ પ્રસ્ફુટિત પુંડરીક સમસ્ત સરોવરને પોતાના પ્રકાશથી સમુદ્દિપ્ત કરી રહ્યો હતો. નર્બદા પોતાના દર્પણ વિમળ વૃક્ષઃ સ્થળ પર તેનું મધુર પ્રતિબિમ્બ ધારણ કરી વહી રહી હતી. પ્રકૃતિ અને પૃથ્વી ધવલ વિમળ સાડી પહેરી સૂઇ રહી હતી.

રાજકુમારી જયંતી અને તેના હૃદયેશ તપસ્વી-કુમારનો રહસ્યાલાપ નર્મદાના કલકલમય પ્રવાહમાં વિલીન થઇ રહ્યો હતો.

રાજકુમારી—"દેવ, મેં આપની સાધનામાં વિઘ્ન નાખ્યું છે!"

તપસ્વીકુમાર—"નહીં દેવી! તું તો મારી સાધનાની સંપૂર્ણ સફળતા છો! તને મેળવી તો મેં વિશુદ્ધ આનંદની અનુભુતિ પ્રાપ્તને કરી છે!"

રાજકુમારી—"પરંતુ પ્રભુ, રમણા—વિશેષે કરીને રૂપવતી—યુવતી રમણી—તપો નિષ્ટાના માર્ગમાં પ્રત્યક્ષ બાધા રૂપ મનાય છે એવો શાસ્ત્રોનો મત છે!"

તપસ્વીકુમાર—"એ જેઓ રમણીને કામવાસનાની પરિતૃપ્તિ અર્થે મદીરા માત્ર માને છે તેઓના માર્ગમાં! પરંતુ જેઓ રમણીને પરિપૂર્ણતાનુ અનિવાર્ય સાધન માને છે; રમણીમાં વિશુદ્ધ આત્મિક સૌન્દર્યની કલ્પના કરે છે, રમણીને નિઃસ્વાર્થ ત્યાગની ચરમ સીમા—ભગવતી ઇચ્છાની સાકર પ્રતિમા-

ગૃહસ્થાશ્રમની પુણ્યમયી અધીશ્વરી માની તેની આરાધના કરે છે તેઓને માટે રમણીની પ્રાપ્તિ ઇષ્ટ છે–અનિષ્ટ નથી !”

રાજકુમારી—“પરંતુ હું એ ઉચ્ચ આદર્શનું પાલન કરી શકીશ કે નહીં તેમાં સંદેહ છે !”

તપસ્વીકુમાર—“અણુમાત્ર પણ નહીં ! હું તારા સુંદર મુખમંડળ પર જે પવિત્ર સૌન્દર્ય, ઉજ્જવલ આત્મત્યાગ અને વિમળ સંકલ્પની જ્યોતી જોઈ રહ્યો છું તે કંઇક ઓરજ પ્રમાણિત કરે છે. મને વિશ્વાસ છે કે તને મેળવી હું કઠોરતમ્ તપનું અનુષ્ઠાન કરી શકીશ અને મારી કલ્પના, અભિલાષા અને સાધના તારા પુણ્ય સંસર્ગથી અધિક ઉજ્જવલ, પવિત્ર અને પ્રસાદમયી બનશે. તું મારા પ્રાણનું પરિમલ, કવિતાની મધુર કલ્પના, આત્મસંગીતની સ્વરલહરી, સાધનાની ચિરઃસહચરી અને મારા સંકલ્પની ઉત્સાહધારા બની મારા કલ્યાણને માટે આ ધરાધામ પર અવતીર્ણ થઇ છો એવી મારી અટલ–ધ્રુવ ધારણા છે.”

રાજકુમારી—“અને તમે દેવ ? તમારા અવતારનો શો ઉદ્દેશ છે ?”

તપસ્વીકુમાર—"હું તારા પ્રેમનું પાત્ર, સુખનો સખા, દુ:ખનો ભાગી, મંત્રનો અર્થ, ઇષ્ટનું સ્વરૂપ, વ્રતનો વિષય અને આશ્રમનો અતીથિ બની સદૈવ તારા સુખ-સહવાસમાં જીવન વ્યતીત કરી શકું એજ મારા અવતારનો એક-માત્ર ઉદ્દેશ છે!"

રાજકુમારી—"મારું પરમ અહોભાગ્ય! સૌભાગ્યની આ ચરમ સીમા છે!"

તપસ્વીકુમાર—"તો આવ, આ મંગળ મુહૂર્તમાં અનંત, નિર્મુકત નભો મંડળ નીચે, આ પવિત્ર નર્મદાના કિનારા પર, ચંદ્રદેવની સાક્ષિએ, પ્રકૃતિના આશીર્વાદમાં આપણે બન્ને પરસ્પર ચિર:મધુર સંબંધમાં આબદ્ધ થઇએ! તારે કબુલ છે દેવી?"

રાજકુમારી—"કબુલ છે આર્યપુત્ર!"

"પરંતુ મારે કબુલ નથી!" એ વજ્રસમ વચનો તુરતજ સંભળાયા અને ચાર સશસ્ત્ર સૈનિકો સાથે અનુપેશ્વરે તે નિકુંજમાં રોષયુક્ત ચહેરે પ્રવેશ કર્યો. રાજકુમારી અને તપસ્વી કુમાર સ્તબ્ધ થઇ ગયા. બન્ને તેમન

ચરણારવિંદમાં પડી ગયા; પરંતુ અનુપેશ્વરે કઠોર સ્વરે કહ્યું "સૈનિકો ! આ દંભી બ્રહ્મચારીને પકડો અને ત્રિકૂટ શિખર પરના કારાગારમાં તેને પૂરી દીઓ ! અને જયંતી ! તારે માટે સામેનો નર્મદા–નિવાસ કારાગાર તરીકે પરિણત કર્યો છે ! તારી ચિરઃસખી રત્નમાલા સિવાય બીજું કોઈ તારી પાસે નહીં રહે !"

પ્રેમનો પંથ મહા ભયંકર અને દુર્ગમ છે ! હજારો વીંછીના તીવ્રદંશ, અનિષ્ટનો કઠોર પ્રહાર અને દુર્ભાગ્યનું નિષ્ઠુર નિયંત્રણ એ ત્રણે સંમિશ્રિત વેદના પણ પ્રેમના પરિતાપ પાસે પરમાણુની માફક તુચ્છ છે; એટલા માટે તેના પર વિચરણ કરવાવાળા યોગીશ્વરની સંજ્ઞાને પ્રાપ્ત થાય છે.

પ્રકરણ ૬ ઠું.

પ્રેમ-દર્શન.

અંધકારમયી રજનિ, પર્વતના ભયંકર દુર્ગમ્ માર્ગ અને હિંસક પ્રાણીઓના હૃદયભેદક નાદની કશીપણ પરવા કર્યા સિવાય, અતુલ સાહસ, પૂર્ણ તેજ અને નિશ્ચિત સંકલ્પથી બળવતી થઇ રત્નમાલા ત્રિકુટ શિખરપર પહોંચી ગઇ. તેણે સાવચેતીથી પોતાની કંચુકીના અંતર્ગત્ ભાગમાંથી ચાવી કાઢી અને કારાગારનો દરવાજો ખોલ્યો.

પ્રકાશના સર્વ સાધન તેની પાસે પ્રસ્તુત હતા. કારાગૃહ તેજોમય બની ગયું. તપસ્વીકુમાર જાગ્રત હતો. તે આશ્ચર્યચકિત થઇ રત્નમાલાને જોવા લાગ્યો. રત્નમાલાએ તેને પ્રણામ કર્યાં અને ધીમે ધીમે તેને બંધન મુક્ત કર્યો.

રત્નમાલા—"દેવ, હું આપને આ કારાગારમાંથી મુક્ત કરવા આવી છું!"

તપસ્વીકુમાર—"ધન્યવાદ! પરંતુ કોની આજ્ઞાથી? કોની પ્રેરણાથી?"

રત્નમાલા—"મારા પ્રેમની પ્રેરણાથી, મારા કર્તવ્યના અનુરોધથી, મારા આત્માની આજ્ઞાથી! દેવ, આ કારાગારમાંથી મારી સાથે બહાર આવવાને આપ તૈયાર છો? વિલંબ કરવાનો સમય નથી!"

તપસ્વીકુમાર—"રત્નમાલા! જો આ કારાગારમાંથી મુક્ત થવાની મારી ઇચ્છા હોય તો તારે આ સર્વ કષ્ટ ઉઠાવવા ન પડે! પત્થરની ભીંતો કે લોખંડના દરવાજા મને રોકવાને સમર્થ નથી! પરંતુ હું આ કારાગારમાંથી

મુક્ત થઇને કરૂં શું ? મારૂં હૃદય તો મુક્ત નહીં થાય ! તે તો ચિરઃવેદનાનું નિયંત્રણુજ સહ્યા કરશે ! નહીં રત્નમાલા ! હું નહી આવું–જા, હું અહીંજ રહીશ ! મને અહીંજ સુખ છે !"

રત્નમાલા—"નહીં દેવ, મારી આ અતૂલ રૂપરાશી, મારૂં આ પ્રફુલ્લ યૌવન, મારા આત્માની અપાર સંપત્તિ અને મારી તન્મયી સાધના એ સઘળું આપના શ્રી ચરણોમાં સમર્પિત છે ! તેનો સ્વિકાર કરો–સ્વિકાર કરો !"

તપસ્વીકુમાર—"ચાતક મંદાકિનીના જળથી પરિતૃપ્ત ન થાય ! તેને ઘનશ્યામનું એકજ બિન્દુ પરમ અભિપ્સિત છે !"

રત્નમાલા—"તે ઠીક છે દેવ ! પરંતુ જે અલભ્ય છે બલ્કે અપ્રાપ્ય છે તેને માટે વ્યર્થ પ્રાણોત્સર્ગ કરવો એ બુદ્ધિમત્તા નથી !"

તપસ્વીકુમાર—"ત્યારે શું સહજ પ્રાપ્યને માટે પરમપ્રિય પ્રાણોની આહુતિ અપાય છે ? રત્નમાલા ! ભોજન પકાવવાના અગ્નિમાં કોઈ પણ મનુષ્ય પોતાની આહુતિ નથી આપતો ! દેહને તો પવિત્ર યજ્ઞની મોક્ષદાયિની પ્રજ્જવલ

જ્વાલામાંજ ભસ્મિભૂત કરવાની ક્ષત્રિય રીતિ ચાલી આવે છે—દુષ્કરને માટેજ દુઃસાહસ કરાય છે !"

રત્નમાલા—"હાય દુર્દૈવ ! તો શું મારો પ્રસ્તાવ આપને અસ્વીકાર્ય છે ?"

તપસ્વી કુમાર—"જરૂર ! રાજકન્યા જયંતી સિવાય આ વિશાળ વિશ્વ મારે મન એક મહાન કારાગાર સમાનજ છે ! હું આ નાના કારાગારમાંજ સુખી છું ! રત્નમાલા ! તારા આ પ્રણયાનુરોધની હું અવહેલના કરૂં છું તે માટે મને દુઃખ થાય છે; પરંતુ હું લાચાર છું ! પ્રકૃતિની પ્રબળતા આગળ નિર્બળ છું ! જા ! રત્નમાલા, પાછી જા ! કારાગારનો દરવાજો બંધ કરી દે !"

રત્નમાલા—"પરંતુ દેવ ! રાજકુમારી જયંતીનું અસ્તિત્વ તો આ સંસારમાં છે નહીં તો પછી તેને માટે કષ્ટ ભોગવવું તદન નિરર્થક છે !"

તપસ્વી કુમાર—"શું રાજકુમારી જયંતી આ સંસારમાં નથી ? શું તે આ વિશ્વને છોડી

ગઇ ? હાય ! પ્રાણેશ્વરી ! તું મને ચેતવ્યા વિના ચાલી ગઇ ? ઠીક, રત્નમાલા ! આ સમાચાર આપવા બદલ પણ તને હું ધન્યવાદ આપું છું ! જો તેં મને આ સમાચાર ન આપ્યા હોત તો રાજકુમારી નંદન વનમાં મારી પ્રતીક્ષા કરતી ક્યાં સુધી બેસી રહેત તે ખબર પડત નહીં ! મને વિશ્વાસ છે કે સ્વર્ગની સુંદરીઓથી પરિવેષ્ટિત અપ્સરાઓના મધુર ગાનતાન સાંભળતી હોવા છતાં તે મારા વિના આલ્હાદિત નહીં થતી હોય ! રત્નમાલા ! જાઉં છું ! જ્યાં પ્રેમનું અક્ષય સામ્રાજ્ય છે, જ્યાં રસનો અવિરલ ધોધ પ્રવાહિત હોય છે, જ્યાં વિક્ષેપનો ભય નથી, વ્યથાની શંકા નથી, જ્યાં ચિર-સંગીત, ચિદાનંદ અને ચિરઃ ઉલ્લાસનો વસંતોત્સવ સદૈવ ચાલુ હોય છે, અને જ્યાં મારા હૃદયની આધશ્વરી રાજકુમારી જયંતીના મધુર હાસ્યનો પ્રોજ્જવલ પ્રકાશ છે ! ત્યાં જાઉં છું ! રત્નમાલા ! કોશામ્બીના યુવરાજને મન આ સંસાર હવે અસાર છે–શૂન્ય છે ! ”

રત્નમાલા—“શું ? કોશામ્બીના યુવરાજ !”

તપસ્વી કુમાર—“હા ! હું કોશામ્બીનો

યુવરાજ છું ! રત્નમાલા ! આજ તારી પાસે આ રહસ્ય–સ્ફોટ કરું છું ! આ રહસ્ય મહારાજા અનુપેશ્વર પાસે પણ તું નિવેદન કરજે કે જેથી તેઓની આત્મગ્લાનિ દૂર થાય અને તેઓની દુઃખી પુત્રિ સ્વર્ગમાં મારી સાથે અક્ષય આનંદની ભોક્તા થાય એવો તેને તેઓ આશીર્વાદ આપે ! બસ ! રત્નમાલા ! વિદાય !"

રત્નમાલા સ્તંભિત, ચકિત અને મૂક બની ગઈ ! તે સમયે તપસ્વી કુમાર યોગાસનવાળી બેસી ગયા ! તેના બ્રહ્મરંધ્રને વિદીર્ણ કરી એક મહા પ્રકાશ નીકળ્યો અને તે ઉન્મુક્ત આકાશમાં ચડી વિલીન થઈ ગયો !

સંસાર કેવળ પ્રેમની લીલા–ભૂમિ છે. તે દિનભર અહીં કેલિ–ક્રીડા કરી સાયંકાળ થાય એટલે પોતાના અક્ષય કલ્પ નિવાસમાં આનંદે વિહાર તથા વિશ્રામ કરવા ચાલ્યો જાય છે !

પ્રકરણ ૭ મું.

પ્રેમનું ઉજજવલ સ્વરૂપ.

પ્રભાકરના પ્રકાશિત કિરણો ગગન ચુમ્બિત નભંદ્ય નિવાસના સુવર્ણ મંડપ પર ક્રીડા કરી રહ્યા હતા. આખો મહાલય સુવર્ણ-પ્રકાશ -ધારાથી સ્નાન કરી રહ્યો હતો.

મહાલયના એક ઓરડામાં રત્નજડિત સુવર્ણ સિંહાસન પર અનુપેશ્વર બીરાજમાન હતા અને તેઓની સામે વિખરાયેલા વાળવાળી અને વિક્ષિપ્ત-પ્રાય સજકન્યા જયંતી ભયંકર શોકમગ્ન ચહેરે બેઠી હતી.

અનુપેશ્વર—“ જયંતી, આજ પ્રાતઃ કા-ળમાં તેં મને અહીં શા માટે બોલાવ્યો છે ?”

રાજકન્યા—(રૂંધાતે અને કંપિત્ સ્વરે) “ પિતાજી, પેલા તપસ્વી કુમારે ગઈ કાલે રાત્રિના કારાગારમાં પ્રાણ ત્યાગ્યો છે એવું મારા જાણવામાં આવ્યું છે—એવી મને સ્પષ્ટ સૂચના મળી છે !”

અનુપેશ્વર—(ચકિત થઇને) “ જયંતી ! તેં કેવી રીતે જાણ્યું ?”

જયંતી—“ મને સ્વપ્નુ આવ્યું હતું ! તેઓ પોતે અહીં પધાર્યા હતા ! તેઓ સ્વર્ગે જતા હોવાનું અને ત્યાં કલ્પવૃક્ષવનમાં મારી પ્રતિક્ષા કરવાનું મને કહી ગયા ! પિતાજી, હું હાથ જોડીને પ્રાર્થના કરું છું-કૃપા કરીને મને કહો કે શું આ સમાચાર સત્ય છે ? હું માનું છું કે સત્ય છે; પરંતુ, તોપણ તેનો પૂર્ણ નિશ્ચય કરવા ઇચ્છું છું ! પિતા—મારા પૂજ્ય પિતા ! દયા કરીને સત્ય કહો ! હું તમારી પુત્રી છું !”

અનુપેશ્વર—“ હા, સત્ય છે ! પરંતુ એ સમાચાર સાથે તારે શું સંબંધ છે ? તુ

શું કરીશ ? તારા દિલમાં શું વળી કોઈ વિચાર ઉદ્દભવ્યો છે ?"

જયંતી—" મારે ? આ સમાચાર સાથે મારે સંબંધ ન હોય તો બીજા કોને હોય ? હું સતી થઇશ ! પિતાજી, તેઓના મૃતદેહને લઇ ચિતા પર ચડીશ અને સળગી જઇશ ! પિતાજી, મને આજ્ઞા આપો ! હું મારા એ વ્રતને પૂર્ણ કરું !"

અનુપેશ્વર—" પરંતુ તેની સાથે તારા લગ્ન તો થયા નથી ? તેના કંઠમાં તેં માળા તો પહેરાવી નથી ? સમાજ તેમજ ધર્મે તેનો તારા પતિ તરીકે સ્વીકાર તો કર્યો નથી ?"

જયંતી—" તો પણ તેઓની સાથે મારા લગ્ન થઇ ગયા છે ! નર્મદાની મંત્રમાલાના મધુર નિનાદમાં, પ્રકૃતિની પરમોજ્જ્વલ વે-દીપર અને પેલા નિર્જન માલતી મંડપ નીચે હું તેઓને વરી ચુકી છું ! હવે મને ન રોકો ! પિતાજી, જલ્દી જાવા દિઓ ! પ્રસન્ન ચિન્તે અનુમતિ આપો ! તેઓના પ્રતિક્ષાકાળને નિ-રર્થક વધારવો સમુચિત નથી !"

અનુપેશ્વર—" પરંતુ જયંતી ! તેથી તો મારી કીર્તિમાં કલંક ચોટે ?"

જયંતી—" અને મને રોકવાથી આપના તેમજ મારા ધર્મનો નાશ થશે ! હિન્દુ લલનાનો સંકલ્પ ચિરસ્થાયી હોય છે એ આપ જાણો છો ? તે કેવળ વાસનાની કંદુકક્રીડાજ નથી ! તે તો અક્ષય-અટલ અને અજેય છે !"

અનુપેશ્વર—"પરંતુ હું તને સતી નહીં થવા દઉં તો ?"

જયંતી—"નહીં રોકી શકો ! પિતાજી, કદિ પણ નહીં રોકી શકો ! પાષાણની ભીંત સાથે મસ્તક અફાળવાથી કપાળના કાચલા કરી શકાય છે ! ઉન્મુક્ત મહાલયથી અભેદ્ય અંધકારમયી કંદરામાં નીચે પડવું એ ક્ષણમાત્રનું કામ છે ! અને કદિ એ સાધનો પણ છીનવી લેવામાં આવે તોપણ અંતરાત્મામાં પ્રજ્જ્વાલત થયેલી પ્રેમાગ્નિમાં પ્રાણની આહુતિ આપી શકાય છે ! પિતાજી, જ્યાં તેઓ ગયા છે, જ્યાં તેઓની ચરણરજથી પૃથ્વી પવિત્ર થઇ રહેલ છે, જ્યાં

તેઓના મંદ હાસ્યથી વિલાસકુંજ વિકસિત થઇ રહેલ છે, જ્યાં તેઓના પ્રભાવથી આનંદની ધારા વહી રહી છે—ત્યાં હું જઇશ ! તેઓ મારા પ્રભુ છે—ઇશ્વર છે—ચક્રવર્તી—સમ્રાટ છે !”

અનુપેશ્વર—“પુત્રી ! શું આ તારો દૃઢ સંકલ્પ છે ? કોઇ પણ પ્રકારે તે ટળે તેમ નથી ?”

જયંતી—“નહીં પિતાજી ! તે વિધાતાના વિધાનથી, ઋષીના વચનથી કે મહામાયાની ઇચ્છાથી પણ અધિક અટલ છે ! હું અવશ્ય પ્રાણ ત્યાગ કરીશ ! જો આપની શુભ અનુમતિ મળી જાય, જો તેઓના પવિત્ર મૃતદેહને ખોળામાં લઇ હું ભસ્મિભૂત થઇ જાઉં તો મને વિશેષ આનંદ થશે અને તેથી શાસ્ત્રિય આદેશ અને લૌકિક ધર્મનું પણ પૂર્ણપણે પરિપાલન થશે ! મારૂં સહ—મરણ તો નિશ્ચિત છે !”

અનુપેશ્વર—“બહુ સારૂં ! પુત્રી, જા ! તે અક્ષય ધામ પતિલોકમાં સુખેથી જા ! હું વિમૂઢ નહોતો જાણતો ! જો તમારા બન્નેના આ પવિત્ર, ઉજ્જવલ પ્રેમનાં રહસ્યને જાણતો

હોત તો મેં કદાપિ વિક્ષેપ ન કરાવ્યો હોત ! આ ઘોર ઘટના કદાપિ ન ઘટત ! પરંતુ મહામાયાની મહાવ્યવસ્થાના રહસ્યને કોણ જાણે છે? તે તો અજ્ઞેય છે! પુત્રી, જા ! અહીં તું સુખી ન થઇ શકી તો તને આશીર્વાદ આપું છું કે—તું તારા આરાધ્ય પતિની સાથે સ્વર્ગમાં આનંદપૂર્વક રહે !"

જયંતીએ પિતૃદેવની ચરણ રજ પોતાના લલાટ પર લગાવી !

પ્રેમની પ્રતિજ્ઞા પૂર્ણ થઈ !

સંસારવાસીઓ ! આ પુનીત દશ્યને પ્રેમદષ્ટિએ જુઓ ! અને સ્વર્ગવાસીઓ ! તમે હાથ લંબાવીને પ્રેમના આ ઉજ્જવલ સ્વરૂપનું સ્નેહે સ્વાગત કરો !

પ્રકરણ ૮ મું.

પ્રેમયજ્ઞમાં પ્રાણાર્પણ.

જ્યાં તપસ્વીકુમાર અને રાજકન્યા જયંતીએ પરસ્પર સ્નેહલગ્ન કર્યાં હતા—મધુર પ્રેમ સંબંધથી એકબીજાના હૃદય જોડયા હતા ત્યાંજ આજે તેઓ સહમરણ વાસ્તે ઉપસ્થિત થયા. અનૂપ-રાજયની સમગ્ર પ્રજા આ પુનીત દૃશ્યને જોવા તથા સતીની પૂજન કરવા માટે એકત્ર થઈ હતી.

નર્મદા નિકુંજના દ્વાર પાસે, વિમળ શિલા પાસે, ચંદનકાષ્ટની પ્રચંડ ચિતા તૈયાર થઇ.

રાજકન્યા જયંતી સંપૂર્ણ શૃંગાર સજી, પૂજ્ય પ્રાણેશ્વરના મૃતદેહને લઇ સ્વર્ગયાત્રા માટે તત્પર થઈ.

સર્વ સંસ્કાર પૂર્ણ થયા—કેવળ ચિતામાં અગ્નિ સંસ્કાર કરવો બાકી હતો એટલામાં એક બાજુએથી રત્નમાલાએ આવી પહોંચી ચિતા સામે ઘુંટણ ટેકવ્યા. રત્નમાલા ઉન્માદિની થઇ રહી હતી. તેના ગુલાબ સમાન નયનો ધગધગતા અગ્નિની માફક સળગી રહ્યા હતા. તેનો કેશ-કલાપ વિખરાઇને પૃથ્વિ—રજને સ્પર્શ કરી રહ્યો હતો. મુખ પર સમસ્ત વેદનાના લક્ષણ પરિલક્ષિત થઇ રહ્યા હતા. તેના વસ્ત્રો અસ્ત-વ્યસ્ત થઈ ગયા હતા.

રત્નમાલા—(હાથ જોડીને) "સતી, એક દિવસ તમોએ મને એક વરદાન આપવાનું કહ્યું હતું તે તમોને યાદ હશે ! આજ હું તે વરદાન માગવા આવી છું !"

રાજકુમારી—"તે વખતે પણ કંઇ નહીં આપવા યોગ્ય નહોતું અને અત્યારે પણ નહીં આપવા યોગ્ય કંઇ નથી; માટે બ્હેન ! જે જોઇએ તે ખુશીથી માગી લે !"

રત્નમાલા—"ક્ષમા ! દયા ! ! બસ, માત્ર ક્ષમા ! ! ! હું મારા અઘોર કૃત્ય બદલ ક્ષમા માગું છું ! દેવી, દયા કરો !"

રાજકુમારી—"બ્હેન, તેં કોઇ અઘોર કૃત્ય કર્યું નથી ! કયા અઘોર કૃત્ય બદલ મારી પાસે ક્ષમા યાચે છે ?"

રત્નમાલા—"કર્યું છે ! દેવી, તમારો અક્ષમ્ય અપરાધ કર્યો છે ! પરંતુ પહેલાં ક્ષમા-દાન આપો, પછી તે હું નિવેદન કરીશ !"

રાજકુમારી—"ક્ષમા કરૂં છું બ્હેન ! આ અંતીમ સમયે શું તારૂં મુખ હું મલીન જોઇ શકું ? કદિ નહીં ! કહે બ્હેન શું રહસ્ય છે ? હવે અધિક સમય નથી-વિલંબ કરવો ઠીક નથી !"

રત્નમાલા—"દેવી, સાંભળો ! આ સર્વ હત્યાકાંડ મેંજ કર્યો છે ! તે–તે તપસ્વીકુમાર તમારા હૃદયેશ્વર હતા અને મારા પણ હૃદયધન હતા ! મેં વિચાર્યું હતું કે સરળ અને સત્ય ભાવથી નહીં તો કુટીલ નીતિથી પણ હું તેમને મારા કરી શકીશ; પરંતુ હાય ! હુ મૂઢ હતી !

પ્રેમની પ્રબળતાનો અનુભવ કરીને પણ સ્વાર્થાંધ બની ગઇ હતી ! મેંજ તમારા પિતાશ્રીને સૂચના કરી ! પરિણામ હું જાણતી હતી અને કારાગારમાંથી તપસ્વીકુમારને હું મુક્ત કરી શકીશ એવો મને દૃઢ વિશ્વાસ હતો; પરંતુ હાય ! તમારી આજ્ઞા વિના તેઓ કારાગારમાંથી બહાર આવવાને તૈયાર ન થયા ! છેવટ મેં મારી કુટીલ નીતિનો ઉપયોગ કર્યો–તેઓને તમારા પ્રાણત્યાગની તદ્દન જુટ્ટી વાત કહી ! તેઓ તમારા મૃત્યુના સમાચાર સાંભળીને–તમોને અલભ્ય માનીને–કદાચિત મારા પ્રેમને સ્વીકૃત કરશે એવી મેં કલ્પના કરી હતી; પરંતુ હાય ! તેઓએ–તે ઉદારચિત સત્યપ્રેમી તપસ્વીકુમારે–મારો તિરસ્કાર અને તમારા કાલ્પનિક વિયોગમાં યોગબળદ્વારા પ્રાણત્યાગ કર્યો ! આ પ્રમાણે મેં મૂઢતાવશ આપને તથા મને વિધવા બનાવેલ છે ! દેવી, તે તપસ્વીકુમાર કૌશામ્બીના યુવરાજ હતા !"

રાજકુમારી—" આહાહા ! કૌશામ્બીના યુવરાજ ?"

રત્નમાલા—" હા, કૌશામ્બીના યુવરાજ હતા ! સ્વર્ગ–પ્રસ્થાન સમયે તેઓએ આ ર-

ત્યનો મારી પાસે રફોટ કર્યો છે!
ય! હું મૂર્ખ હતી–સ્વાર્થાંધ બનેલી હતી!
ો મેં માંગણી–હાથ જોડીને માંગણી કરી
ાત તો આપના ઉદાર દિલે તેઓના પ્રેમ
મનું જરા પણ પાન મને કરવા દેવાની અવ-
ા આજ્ઞા આપી હોત; પરંતુ હવે શું થઇ
કે? દેવી, ઘટેલી ઘટના હવે અઘટીત ન
ઇ શકે!"

રાજકુમારી—"ઠીક બ્હેન! થવાનું હતું
થઇ ગયું. તું તેઓને પ્યાર કરતી હતી–
ઓના ચિત્રપટની પૂજા કરતી હતી–બસ,
ામા દાનને માટે એટલું ઘણું છે! બ્હેન,
ું તને ક્ષમા કરું છું અને સાથે પ્રતિજ્ઞા કરું
ું કે–તું સ્વર્ગ નિકુંજ નિવાસી થા ત્યાં સુધી
ો તેઓની ઉપાસનામાં મસ્ત રહીશ તો ત્યાં
ું તને મારું અર્ધાસન ખુશીથી આપીશ!"

રત્નમાલા—"ઉદાર મૂર્તિ! ધન્ય છે
ાપને! પરંતુ આપને ત્યાં દાસીની આવ-
યકતા જણાશે એટલે હું પણ આપની સાથેજ
ાણું છું! તેઓનું શીશ આપની ગુલાબ
ામાન કોમળ ગોદમાં અને તેઓના ચરણ

મારી ઉત્-મુક્ત ગોદમાં સ્થાપિત થશે ! દેવી, એક દિવસ તેઓએ પણ પ્રસન્ન થઇ મને વરદાન દીધું છે કે-તેઓ સ્વર્ગમાં પોતાની સેવામાં મારો સ્વીકાર કરશે ! હું તેઓ પાસેથી તે વરદાન માગી લઇશ ! દેવી, આપ પણ મારા તરફથી થોડી પ્રાર્થના કરજો !"

રાજકુમારી-"અવશ્ય ! તો આ તારો દૃઢ સંકલ્પ છે ?"

રત્નમાલા-"દૃઢ ! અટલ ! !"

રાજકુમારી-"તો પછી વિલંબ શા માટે ? આવ, બ્હેન આવ ! તેઓ પ્રતિક્ષા કરતા હશે !"

ચિતાની પવિત્ર અને ઉજ્જવલ પ્રજ્જ્વલિત શીખા પર પ્રેમની ઉભય પૂજારણો આરૂઢ થઇ અક્ષય પતિલોકમાં પહોંચી ગઇ !

પ્રેમની ત્રિમાર્ગગામિની મંદાકિની ચાહે તો વક્રમાર્ગે કે સરળમાર્ગે વહેતી હોય; પરંતુ તે અંતે અનંત મહાસાગરમાં-અટલ, નિત્ય પરિપૂર્ણ વિરાટ સૌન્દર્ય રત્નાકરમાંજ વિલીન થાય છે !

આજ લેખકની બીજી કલમ-પ્રસાદી

રતિ-વિલાસ

છપાય છે-થોડા વખતમાં બહાર પડશે.

આ પુસ્તક વાંચવાથી મનુષ્યે શું કરવું જોઈએ
ને શું નહીં તે અવશ્ય સમજાશે.

કીંમત રૂપીઓ દોઢ.

અગાઉથી પૈસા મોકલી ગ્રાહક થનાર માટે
રૂપીઓ સવા. પોસ્ટેજ ચાર આના જુદું.
આજેજ નામ નોંધાવો.

વીલાસ ઓફીસ,

૧૮૧, બજારગેટ, કોટ, મુંબાઈ.

મારી હવે પછીની કૃતિઓ.

૧. અદ્‌ભુત અભાગિની અથવા ભેદનો ભંડાર.
૨. આજનો રાજા અથવા સ્વદેશ શત્રુ.
૩. તખ્તના તોફાન.
૪. નવાનગરનો તારણહાર.
૫. ભારતના ભડવીરો.
૬. મુસ્લિમ મનોદશાની ખાણ.
૭. મહારાજની માશુક અથવા વિચિત્ર વિધવા.
૮. મહારાષ્ટ્રનો મહારથી.
૯. રતિ–વિલાસ અથવા ખલકના ખેલનો ખજાનો.
૧૦. રાંકના રૂદન અથવા રાજા કે રાક્ષસ ?
૧૧. વરઘેલી વિમળા અથવા પ્રેમની પુતળી.
૧૨. સમાજ શત્રુ અથવા ભૂદેવોની ભયંકરતા.
૧૩. સંકટનો સાગર અથવા એક યુવકની આત્મકથા.
૧૪. સંસાર સમિક્ષા અથવા રે હિન્દુઓ ?
૧૫. હડફાલાલ.
૧૬. હતભાગી હિન્દુઓ અથવા વિધર્મીઓના કારસ્થાન

AND SO ON.

ઈશ્વરેચ્છા બલિયસી.

રતિલાલ ભનજી ઠક્કર.